## ક્રિમીનલ પરચુરણ અરજી નંબર ૧૩૩/૨૦૨૬

## આંક–૧ હેઠળ હુકમ

અરજી વંચાણે લીધો. રેકર્ડ વંચાણે લીધુ. ઉભય પક્ષે વિ.વ.શ્રી.ની રજુઆત સાંભળી. હાલની અરજી અરજદારે ભારતીય નાગરીક સંહીતાની કલમ ૧૦૧ અન્વયે રજુ કરેલ છે જેની હકીકત એવી છે કે આ કામના અરજદારના સમજુતી કરારથી આ કામના સામાવાળા નં.૫ દિવ્યાબેન સાથે રહેતા હતા અને અરજદારની અરજી હકીકત મુજબ સામાવાળા નં.૧ થી ૪ નાઓએ ગે.કા.રીતે અપહરણ કરી સામાવાળા નં–૫ ને ગોંધી રાખેલ છે. અરજદારના પત્ની આ કામના સામાવાળાઓના ઘરે ગોંધી રાખેલ હોય અને તેઓની પત્નીનો જીવ જોખમમા હોય આ કામના સામાવાળાઓ વિરુધ્ધ સર્ચ વોરંટ કાઢવા અને અરજદારની પત્નીનો કબજો મેળવવા અરજ કરેલ છે.

આ અરજી અત્રેની કોર્ટમા રજુ થતા સામાવાળાઓને નોટીસ બજી જતા સામાવાળાઓ તથા દિવ્યાબેન અત્રેની અદાલતમા હાજર થયેલ છે. આ કામના સામાવાળા તર્ફે કોઈ લેખિત જવાબ રજુ કરેલ નથી. ત્યારબાદ દિવ્યાબેન નાઓનુ કોર્ટ રુબરુ નિવેદન લેવામા આવેલ છે. જેમા તેઓએ નીચે મુજબનો નિવેદન આપેલ છે.

'' મારુ નામ દીવ્યાબેન મહેશભાઈ બારીઆ , ઉ.વ. ૨૩ વર્ષ, ધર્મે : હિન્દુ, રહે. બાર,તા.લીમખેડા,જી.દાહોદનાઓ આજરોજ જણાવુ છુ કે, બારીઆ લલીતકુમાર પોપટભાઈ મારા કુવા થાય છે. મહેશભાઈ રમણભાઈ બારીઆ મારા પિતા થાય છે તથા સીતાબેન મારા માતા થાય છે તથા સોબકસીહ તથા મહેશભાઈ મારા કુટુબી કાકા થાય છે. આ કામના સામાવાળા નં.૧ થી ૪ નાઓએ મને બળજબરી પુર્વક અપહરણ કરી ઉપાડી ગયેલ હોય કે મારી મરજી વિરુધ્ધ મને એક રૂમમા ગોંધી રાખેલ હોય તેવુ બનેલ નથી. બારીઆ લલીતકુમાર પોપટભાઈનાઓએ મને અંધારામા રાખી અને મૈત્રી કરાર કરાવેલ છે અને આ લલીતકુમારે મને મારી નાખવાની ધમકી આપેલ. મારે આ લલીતકુમાર પોપટભાઈ બારીઆ સાથે રહેવુ નથી.મારા ડોકટુમેન્ટસ તથા ચોપડા અરજદાર પાસે છે અને તે આપતા નથી.આ સીવાય મારે બીજુ કશુ કહેવુ નથી.''

આ કામની હકીકતો અને દસ્તાવેથી પુરાવા ધ્યાને લેતા અરજદારના કેસ મુજબ તેઓના સમજુતી કરારથી લગ્ન સામાવાળા નં.૫ સાથે તા.૦૯/૦૨/૨૦૨૬ થી સાથે રહેતા

હતા.જયારે સામાવાળા નં.૫ દિવ્યાબેનનું નિવેદન ઘ્યાને લેતા તેઓ હાલ આ કામના સામાવાળા નં.૧મહેશભાઈ રમણભાઈના ઘરે પોતાની મરજીથી ગયા હતા તેવી હકીકત જણાવે છે. વધુમા દિવ્યાબેનને આ કામના સામાવાળા નં.૧ થી ૪ બળજબરી પુર્વક તેઓની મરજી વિરુઘ્ધ ગોંધી રાખેલ હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

આમ દિવ્યાબેન પુખ્ત વયના હોય તેણીને પોતાની મરજી મુજબ જીવવા માટે અને ગમે ત્યા જવા આવવાનો અધિકાર છે. જેથી સામાવાળાઓ વિરુઘ્ધ સદર કલમ મુજબની કાર્યવાહી કરી શકાય તેમ નથી. જેથી સદર અરજદારની અરજીનો નીચે મુજબ હુકમ કરવામા આવે છે.

**:: હુકમ ::**

અરજદારની અરજી આથી નામંજુર કરવામા આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ તારીખ : ૧૨ મી માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:– ૧૨–૦૩–૨૦૨૬**
**સ્થળ:–દેવગઢ બારીઆ**

**(એસ.આર.વકીલ)**
**જયુડી.મેજી.ફ.ક,દેવગઢ બારીઆ.**
**Judge code no. GJ01537**